# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day :THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

***************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથ સ્વાભિમાન પર્વની શરૂઆત પર રાષ્ટ્રને શુભેચ્છાઓ પાઠવી**
2. **મોર્ગન સ્ટેનલીએ નાણાકીય વર્ષ 2026 માટે દેશનો વાસ્તવિક GDP વૃદ્ધિ 7.6% રહેવાનો અંદાજ જાહેર કર્યો**
3. **દિલ્હી પોલીસે છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય રાજધાનીમાં ગેરકાયદેસર રીતે રહેતા 548 વિદેશી નાગરિકોનો દેશનિકાલ**
4. **રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પર પ્રતિબંધો લાદતા બિલને મંજૂરી આપી**
5. **ઓસ્ટ્રેલિયામાં, દક્ષિણ-પૂર્વ રાજ્ય વિક્ટોરિયાના કેટલાક ભાગોમાં જંગલમાં બેકાબૂ આગથી લોકોને સ્થળાંતર કરાવવાનો આદેશ**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM SOMNATH - SWAMINATHAN PARV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સોમનાથ સ્વાભિમાન પર્વની શરૂઆત પર રાષ્ટ્રને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે સ્વાભિમાન પર્વ દેશના અસંખ્ય નાગરિકોને યાદ કરવાનો છે જેમણે ક્યારેય તેમના સિદ્ધાંતો અને નૈતિકતા સાથે સમાધાન કર્યું નથી. સાંભળીએ એક અહેવાલ...

**(વોઇસ કાસ્ટ- મયૂર સોલંકી)**

***(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નોંધ્યું કે જાન્યુઆરી 1026 માં, સોમનાથ પર પહેલો હુમલો થયો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે પછીની સદીઓમાં વારંવાર હુમલાઓ છતાં, ભક્તોની શાશ્વત શ્રદ્ધા અને ભારતના સભ્યતા સંકલ્પને કારણે સોમનાથનું વારંવાર પુનર્નિર્માણ થયું. શ્રી મોદીએ કાલાતીત સભ્યતાની ભાવનાને યાદ કરી જેણે સોમનાથને એક સહસ્રાબ્દીથી વધુ સમયથી લાખો લોકોના હૃદયમાં જીવંત રાખ્યું છે.***

***પ્રધાનમંત્રીએ સોમનાથની તેમની અગાઉની મુલાકાતોની ઝલક શેર કરી અને નાગરિકોને #SomnathSwabhimanParv નો ઉપયોગ કરીને તેમની પોતાની યાદો શેર કરીને ઉજવણીમાં જોડાવા આમંત્રણ આપ્યું.***

***તેમણે 31 ઓક્ટોબર 2001 ના રોજ યોજાયેલા કાર્યક્રમને યાદ કર્યો, જે 1951 માં તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદની હાજરીમાં પુનઃનિર્મિત સોમનાથ***

*મંદિરના દ્વાર ખોલ્યાના 50 વર્ષ પૂર્ણ થયા હતા. મયૂર સોલંકી, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

. . . . . . . . . . . . . . . . . . . . . .

## GDP-MORGAN

**ભારતનો આર્થિક વિકાસ રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય -NSOના પ્રથમ એડવાન્સ અંદાજ કરતાં વધુ થવાની ધારણા છે. મોર્ગન સ્ટેનલીના અહેવાલમાં નાણાકીય વર્ષ 2026 માટે વાસ્તવિક GDP વૃદ્ધિ વાર્ષિક ધોરણે 7.6% રહેવાનો અંદાજ છે - જે NSO ના પ્રથમ એડવાન્સ અંદાજ કરતાં વધુ છે,તેમાં વાર્ષિક ધોરણે વાસ્તવિક GDP વૃદ્ધિ 7.4% રહેવાનો અંદાજ હતો. રાજકોષીય અને નાણાકીય નીતિ સમર્થન, સુધારેલ ખરીદ શક્તિ અને શ્રમ બજારના દૃષ્ટિકોણ નું સંયોજન વપરાશ પુનઃપ્રાપ્તિને વધુ વેગ આપશે. અહેવાલમાં જણાવાયું છે કે મૂડી ખર્ચમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે કારણ કે રોકાણકારોની ભાવનામાં સુધારો ખાનગી રોકાણ પ્રવૃત્તિને વેગ આપશે.**

**દરમિયાન, HDFC બેંકના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે કે નાણાકીય વર્ષ 2027 માં ભારતનો કર સંગ્રહ વધી શકે છે, કુલ કર ઉછાળો નાણાકીય વર્ષ 2026 માં અંદાજિત 0.64 થી વધીને 1.1 થશે. નાણાકીય**

વર્ષ ૨૦૨૭ માં નોમિનલ જીડીપી વૃદ્ધિ ૧૦.૧% ની આસપાસ રહેવાની ધારણા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## DELHI POLICE - FOREIGN NATIONALS

દિલ્હી પોલીસે છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય રાજધાનીમાં માન્ય વિઝા વિના ગેરકાયદેસર રીતે રહેતા **548** વિદેશી નાગરિકોની ઓળખ કરી છે. આઉટર ડિસ્ટ્રિક્ટના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સચિન શર્માએ માહિતી આપી હતી કે ઓળખાયેલા તમામ વિદેશી નાગરિકોને દેશનિકાલ માટે મોકલવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, સૌથી વધુ **380** દેશનિકાલ કરાયેલા લોકો બાંગ્લાદેશના છે, ત્યારબાદ **111** નાઇજીરીયાના અને **13** ઘાનાના છે. શ્રી શર્માએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી સુરક્ષા સુનિશ્ચિત કરવા અને જિલ્લામાં અનધિકૃત હાજરીને રોકવા માટે સતત અભિયાનનો એક ભાગ છે.

તેમણે ઉમેર્યું હતું કે ધરપકડ બાદ, વિદેશી નાગરિકોને વિદેશી પ્રાદેશિક નોંધણી કાર્યાલય સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને

ત્યારબાદ દેશનિકાલ પ્રક્રિયાઓ માટે અટકાયત કેન્દ્રોમાં મોકલવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## VIKSIT BHARAT DIALOGUE

વિકાસિત ભારત યુવા નેતા સંવાદ **2026** કાર્યક્રમ આવતીકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ યુવાનોને નેતૃત્વ કરવા, પડકારોનો સામનો કરવા અને રાષ્ટ્રના ભવિષ્યને ઘડવામાં યોગદાન આપવા માટે સશક્ત બનાવશે.

**(બાઇટ -મનસુખ માંડવિયા)**

. . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K OPERATION

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોએ કઠુઆ જિલ્લાના જંગલોમાં છુપાયેલા આતંકવાદીઓને પકડવા માટે આજે સવારે તેમનું સર્ચ ઓપરેશન ફરી શરૂ કર્યું. આ ઓપરેશનમાં એક સુરક્ષા કર્મચારીને ઈજા થઈ હોવાના અહેવાલ છે.

જમ્મુથી અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે જમ્મુ અને કાશ્મીર પોલીસ અને અન્ય સુરક્ષા દળોની વિશેષ ટુકડીએ ગઈકાલે સાંજે બિલ્લાવર વિસ્તારના કહોગ ગામમાં સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . .

## J&K COLD WAVES

જમ્મુ અને કાશ્મીરમાં, આજે પણ ઠંડીનો પ્રકોપ ચાલુ રહ્યો, ઘણા સ્થળોએ સિઝનનું સૌથી ઓછું તાપમાન નોંધાયું. અમારા જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, કાશ્મીર ખીણમાં, ઘણા જિલ્લાઓમાં શૂન્યથી નીચે તાપમાન રહ્યું.

હવામાન વિભાગે જણાવ્યું કે આગામી કેટલાક દિવસોમાં પ્રદેશના કેટલાક ભાગોમાં ઠંડીનો પ્રકોપ ચાલુ રહેવાની શક્યતા છે. કેન્દ્રશાસિત પ્રદેશમાં 22 જાન્યુઆરી સુધી મોટાભાગે શુષ્ક અને સ્થિર હવામાન પરિસ્થિતિઓ જોવા મળશે, આ સમયગાળા દરમિયાન કોઈ મોટી હવામાન વિક્ષેપની અપેક્ષા નથી.

. . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..............

## US RUSSIA-SANCTIONS-BILL

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પર પ્રતિબંધો લાદતા બિલને મંજૂરી આપી છે.

યુએસ સેનેટર લિન્ડસે ગ્રેહામે આ જાહેરાત કરી છે. આ બિલ અમેરિકાને રશિયન તેલ ખરીદનારા દેશોને નિશાન બનાવવાનો વ્યાપક અધિકાર આપશે. ગ્રેહામે કહ્યું કે આ બિલ રાષ્ટ્રપતિ ટ્રમ્પને ચીન, ભારત અને બ્રાઝિલ જેવા દેશો પર વધુ દબાણ લાવવાની સત્તા આપશે, જેનાથી તેઓ સસ્તુ રશિયન તેલ ખરીદવાનું બંધ કરી શકે.

તેમણે કહ્યું કે બિલ પર મતદાન આવતા અઠવાડિયાની શરૂઆતમાં થઈ શકે છે. આ બિલમાં અનેક જોગવાઈઓ છે, જેમાં વ્યક્તિઓ અને સંસ્થાઓ પર દંડ લાદવાનો અને રશિયાથી અમેરિકામાં આયાત થતા તમામ માલ અને સેવાઓ પર **500** ટકા સુધીના ટેરિફ વધારવાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## US-KWATRA

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતના આતંકવાદ વિરોધી પ્રયાસો સાથે એકતા દાખવવા બદલ યુએસ પ્રતિનિધિ ગૃહના **56**મા સ્પીકર માઈક જોહ્ન્સનનો અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ આભાર માન્યો છે.

શ્રી ક્વાત્રા કેપિટોલ હિલ ખાતે સ્પીકર માઈક જોહ્ન્સનને મળ્યા હતા અને બંને દેશોના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાના હેતુથી વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

ચર્ચામાં ભારત અને અમેરિકાની આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓનો સામનો કરવા અને સુરક્ષા પડકારો પર સહયોગ

મજબૂત કરવા માટેની સહિયારી પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-AGNIVESH AGRAWAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વેદાંત ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલના પુત્ર અગ્નિવેશ અગ્રવાલના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ તેમના પરિવારને શક્તિ અને હિંમત માટે પ્રાર્થના કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## NIMHANS YOGA STUDY

બેંગલુરુના **NIMHANS** માં સેન્ટર ફોર એડિક્શન મેડિસિન દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનમાં મોબાઇલની લતના લક્ષણોમાંથી સાજા થવા માટે યોગને ફાયદાકારક જણાયું છે. પ્રતિષ્ઠિત **JAMA** સાયકિયાટ્રી જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં જણાવાયું છે કે યોગ મોબાઇલની લતના લક્ષણોમાંથી ઝડપથી સાજા કરે છે.. પ્રયોગમાં જાણવા મળ્યું છે કે યોગનો અભ્યાસ કરનાર દર્દી માત્ર પાંચ દિવસમાં સ્વસ્થ થઈ જાય છે.

સંશોધનમાં જાણવા મળ્યું છે કે યોગ વિના સાજા થવામાં નવ દિવસથી વધુ સમય લાગે છે. યોગા કરનાર દર્દીને સારી ઊંઘ પણ આવતી હતી, ઓછી ચિંતા અને દુખાવો પણ થતો હતો. અભ્યાસમાં જણાવાયું છે કે યોગ શરીરને શાંત કરવામાં મદદ કરે છે અને તણાવને રોકે છે. **45** મિનિટના યોગ સત્રમાં સૌમ્ય મુદ્રાઓ, શ્વાસ લેવાની કસરતો અને આરામ કરવાની તકનીકોનો સમાવેશ થતો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## AUSTRALIA--BUSHFIRE

જંગલોમાં વિકરાળ આગને કારણે ઓસ્ટ્રેલિયામાં, દક્ષિણપૂર્વીય રાજ્ય વિક્ટોરિયાના કેટલાક ભાગોના લોકોને અધિકારીઓએ સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે. આપત્કાલિન મેનેજમેન્ટ કમિશનર ટિમ વેઇબુશે જણાવ્યું કે અસરગ્રસ્ત વિસ્તારોના લોકોએ આવતીકાલ સુધીમાં સ્થળાંતર કરવું જોઈએ. અગ્નિશમન સત્તાએ મધ્ય, ઉત્તરી, ઉત્તરપશ્ચિમ અને દક્ષિણપશ્ચિમ વિક્ટોરિયાના ચાર વિસ્તારો માટે સૌથી વધુ આગના ભયનું રેટિંગ જાહેર કર્યું છે. રાજ્યના બાકીના ભાગો માટે ખૂબ જ ઉચ્ચ આગનો ભય જાહેર કરવામાં આવ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, નવેમ્બર **2019** પછી આ પહેલી વાર છે જ્યારે વિક્ટોરિયાના આટલા બધા વિસ્તારો એક જ સમયે આગના ઉચ્ચ જોખમમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## US WITHDRAWAL

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્ર પોપ્યુલેશન એજન્સી સહિત ડઝનબંધ આંતરરાષ્ટ્રીય સંગઠનોમાંથી ખસી જવાની જાહેરાત કરી છે.

ટ્રમ્પે **66** સંગઠનો, એજન્સીઓ અને કમિશનને અમેરિકી સમર્થન સ્થગિત કરતા એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે. આ આદેશ અમેરિકાની ભાગીદારી અને ભંડોળની સમીક્ષા કર્યા પછી આપવામાં આવ્યો છે.

સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, વહીવટીતંત્ર, આ સંગઠનોને બિનજરૂરી, ઉડાઉ, અમેરિકી પ્રાથમિકતાઓ સાથે અસંગત અને દેશની સાર્વભૌમત્વ અને સમૃદ્ધિ માટે જોખમી માને છે.

આ નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રે વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોની ધરપકડ અને ગ્રીનલેન્ડને જોડવાનો ઇરાદો સહિત અનેક વિદેશ નીતિ પગલાં લીધા છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## NEPAL-ENERGY MINISTER

નેપાળના ઉર્જા, જળ સંસાધન અને સિંચાઈ મંત્રી કુલમાન ઘિસિંગે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

શ્રી ઘિસિંગે ગઈકાલે પ્રધાનમંત્રી સુશીલા કાર્કીને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. તેમણે 115 દિવસ સુધી મંત્રીમંડળમાં સેવા આપી હતી અને ત્રણ મંત્રાલયોનો હવાલો સંભાળ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રી સુશીલા કાર્કીએ 5 માર્ચે યોજાનારી સંસદીય ચૂંટણી લડવાનું વિચારી રહેલા મંત્રીઓને તેમના પદ પરથી રાજીનામું આપવા જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . .